RESEARCH PAPER | Commerce | Volume : 4 | Issue : 4 | Apr 2014 | ISSN - 2249-555X

# વલસાડ જિલ્લામા આવેલ સહ્કારી મંડળીની મૂડી માળખા સંદર્ભે અભ્યાસ (કપરાડા તાલુકાની સૌથી સફળ શરાફી મંડળીનાં નાણાકીય પત્રકોનાં સંદર્ભમાં)

# Valsaad Jillama Aavel Sahakari Mandalini Moodi Malkha Sandarbhe Abhyas (Kaprada Talukani Sauthi Safal Sharafi Mandalina Nanakiya Patrakona Sandarbhama)

KEYWORDS: નાણાકીય પત્રકો, ગિયરીંગ રેશિયો, માલિકી ગુણોત્તર

| PATEL ALKABEN | PATEL DILIPKUMAR |
| --- | --- |
| Associate Professor, Arts & Commerce college, Motapondha , Dist : Valsad., Gujarat , India | Ph.D.Scholar, Pacific university,Udaipur, Rajasthan, India |

પસંદ કરાયેલ સહ્કારી મંડળી વિષે માહિતી

વલસાડ જિલ્લામાં ખેતીક્ષેત્રનો વિકાસ મોટાપાયે થયેલો છે.જેથી ખેતીક્ષેત્રનાં વિકાસ અર્થે અને ખેડુતોને શાહુકારીનાં શોષણી મૂકત કરવા માટે ઇસ.૧૯૫૩ ના. સમયગાળામાં તા.૨-૧૨-૧૯૫૩ નાં રોજ આ મંડળીની સ્થાપના કરવામાં આવી હતી.આ મંડળીના અધિસ્થાપક એ આજ વારોલી ગામનાં અગ્રણી ખેડુત અને સા-માજિક કાર્યકર્તા ચુસ્ત ખાદીધારી,ગાંધીવાદી સ્વર્ગસ્થ શ્રી બાપુભાઇ નવસુભાઇ રાઉત હતા.જેનાં અથાગ પ્રયત્નોથી આ મંડળી સ્થપાઇ છે.મંડળીનાં રજીસ્ટ્રેશન સમયે આ વિસ્તાર સુરત જિલ્લાનો એક ભાગ હતો.જે આજે વલસાડ જિલ્લાનાં ધરમપૂર તાલુકામાંથી પણ અલગ થઇ કપરાડા તાલુકાનો એક ભાગ બની ચુક્યો છે.મંડળીની સ્થાપના સમયે આ મંડળીને અનેક પ્રકારની આર્થિક મૂશ્કેલીઓ પડી છે.છતા પણ તેમાંથી બહાર આવી આજે મંડળી આર્થિક રીતે પણ પગભર બની છે.મંડળીનો સંચાલક વર્ગ ખુબજ પ્રમાણિક અને નિષ્ઠાવાન અને ખંતીલો છે.જેથી તેઓએ મંડળીનો ખુબ જ વિકાસ સાધી પ્રમાણિકતાથી કામ કરી ખેડુતોને ખેતીક્ષેત્રમાં ખુબ ઉપયોગી બની પુરા દેશમાં તેમણે મંડળીનું નામ રોશન કરી દીધું છે.અને પુરા ગુજરાતમાં સહ્કારી સંસ્થાઓ માટે એક પ્રેરણા સ્રોત બની ગયા છે.

અભ્યાસનાં હેતુઓ :

૧. અભ્યાસ હેઠળ પસંદ કરેલ સહ્કારી મંડળીની નાણાકીય સધ્ધરતાની સ્થિતિનો અભ્યાસ.
૨. સહ્કારી મંડળીનાં મૂડી માળખાનો અભ્યાસ
૩. સહ્કારી મંડળીની નાણાકીય સધ્ધરતાની સ્થિતિનો અભ્યાસ કરીને જરૂરી સૂચનો કરવા.

અભ્યાસની ઉપકલ્પનાઓ

૧. પસંદ કરેલ સંસ્થાનું મૂડી માળખું અન્ય સહ્કારી સંસ્થા કરતા વિશેષ હોય.
૨. સહ્કારી મંડળીની નાણાકીય સધ્ધરતા ખુબ જ સારી ન પણ હોય.
૩. પસંદ કરેલ સહ્કારી મંડળીનું સંચાલન ખૂબ જ કાર્યક્ષમ ન પણ હોય.

અભ્યાસની પધ્ધતિ :

શ્રી વારોલી વિભાગ વિવિધ સેવા સહ્કારી મંડળી લિ.ની છેલ્લા પાંચ વર્ષની નાણાકિય સ્થિતિનાં આધારે નફાકારકતાનો અભ્યાસ કરવામાં આવ્યો છે.માહિતી મેળવવા માટે જરૂરી નાણાકીય માહિતી અભ્યાસ હેઠળ પસંદ કરેલ સહ્કારી મંડળીનાં ઓડિટ થયેલા હિસા-બોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે.તેમજ જરૂરી માહિતી મંડળીનાં વહીવટ કર્તા મંત્રીશ્રી નાથુભાઇ આબુભાઇ દળવીની રૂબરૂ મૂલાકાત લઇને માહિતી મેળવવામાં આવી છે.અને સહ્કારી સંસ્થાઓની જિલ્-લા સ્તરની માહિતી માટે વલસાડ જિલ્લાની માહિતી ખાતાનો સંપર્ક સાધવામાં આવ્યો.

મંડળીનું સંચાલન તથા કાર્યક્ષેત્રની સ્થિતિ:

આર્થિક ચિત્ર સહિત

હાલનાં પ્રમુખ : શ્રી માધુભાઇ બાપુભાઇ રાઉત

આઠ કમિટી સભ્યો

કર્મચારી ગણ :

મંત્રી : શ્રી નાથુભાઇ આબુભાઇ દળવી

હિસાબનીશ : શ્રી છનિયાભાઇ દેવુભાઇ ગાંવિત

સેલ્સમેન : શ્રી કમાભાઇ રૂપાભાઇ ગાંવિત

તોલાટ : શ્રી મનુંભાઇ જંગલાભાઇ ગાંવિત

સભાસદ સંખ્યા : હાલ ૫૭૦ થઇ છે.

ઓડીટ વર્ગ : વર્ષ : ૨૦૧૨-૧૩ "અ" વર્ગ છે.

૧. દેવા-ઇક્વિટી ગુણોત્તર :

માલિકી ગુણોત્તર એક બીજું સ્વરૂપ દેવા ઇક્વિટી ગુણોત્તર છે.તે ધંધામાં માલિકીનાં ભંડોળોનાં પ્રમાણમાં કૂલ લાંબા ગાળાનાં દેવા કેટલા છે ? તે ગણવા માટે ઉપયોગી છે. તેથી તેને લાંબા ગાળાનાં દેવાનો ગુણોત્તર પણ કહેવામાં આવે છે.જ્યાં માલિકીનાં ભંડોળમાં શેરમૂડી અને અનામત વધારાનો સમાવેષ થાય છે.માલિકીનાં ભંડોળોને ચોખ્ખું મૂલ્ય પણ કહે છે.તેથી આ ગુણોત્તર દેવા ચોખ્ખા મૂલ્યનો ગુણોત્તર પણ કહે છે. સુત્ર નીચે મૂંજબ છે :

$$\frac{\text{કૂલદેવા}}{\text{માલિકીભંડો}} \times 100$$

લાંબા ગાળાની દેવાની જેમ ટૂંકા ગાળાનાં દેવા પણ પેઢીની જવાબ-દારી છે.અને તે જોખમમાં વધારો કરે છે.તેજ પ્રમાણે લાંબા ગાળાનાં દેવાનો ગુણોત્તર પણ કહેવામાં આવે છે.

જયાં માલિકીનાં ભંડોળમાં શેરમૂડી અનામત વધારાનો સમાવેષ થાય છે માલિીકીનાં ભંડોળો ચોખ્ખુ મૂલ્ય પણ કહે છે.તેથી આ ગુણોત્તર દેવા ચોખ્ખા મૂલ્યનો ગુણોત્તર પણ કહે છે.લાંબા ગાળાની દેવાની-જેમ ટૂંકાગાળાના દેવા પણ પેઢીની જવાબદારી છે.અને તે જોખમમાં પણ વધારો કરે છે.તેજ પ્રમાણે લાંબા ગાળાનાં દેવાની ટૂંકા ગાળાનાં દેવા પર પણ વ્યાજ ચુકવવુ પડે છે.વળી ટૂંકા ગાળાનાં લેણદારોનું દબાણ પર સંચાલકો પર વધુ હોય છે.ટૂંકાગાળાનું એક દેવું બેન્ક ઓવરડ્રાફ્ટ વાસ્તવમાં લાંબાગાળાનું જ દેવું છે.કારણ કે મોટાભાગે કાયમિ વ્યવસ્થા છે.

૨. મૂડી ગિયરીંગ ગુણોત્તર :

ગિયરીંગ ગુણોત્તર કંપનીની પ્રેફરન્સ શેરમૂડી અને ઇક્વિટી શેરમૂડી વચ્ચેનું પ્રમાણ દર્શાવે છે.બીજા શબ્દોમાં કહીએ તો નિશ્ચિત ડિ-વડન્ડનો હક ધરાવનાર મૂડી ઇક્વિટીનાં પ્રમાણમાં કેટલી છે તેનું સૂચન આ ગુણોતર કરે છે.ગિયરીંગ ગુણોત્તર ગણવાનું સુત્ર નીચે મુંજબ છે :

$$\text{ગિયરીંગ ગુણોત્તર} : \frac{\text{પ્રેફરન્સ શેરમૂડી} - \text{ડિબેન્ચર-લોન}}{\text{ઇક્વિટી શેરમૂડી}}$$

જો કંપનીએ ડિબેન્ચર બહાર પાડયા હોય તો પ્રેફરન્સ મૂડી અને ડિ-બેન્ચર સાથે ઇકિવટી શેરમૂડીનું પ્રમાણ શોધવું જોઇએ. જો કંપનીનાં ચોપડે સામાન્ય અનામત,નફાનુકશાન ખાતાની જમા બાકી વગેરે રકમો હોય તો તેની માલિકી ઇકિવટી શેરહોલ્ડરોની ગણાય છે.આ ગુણોત્તર જેમ ઉંચો હોય તેમ ઇક્વિટી શેર વધુ અસ્થિર ગણાય કારણ કે નફા પેકી વધુ ભાગ પ્રેફરન્સ શેર પર ડિવિડનડ કે ડિબેન્ચર પર વ્યાજમાં જતો રહે છે.અને ઇકિવટી ડિવીડન્ડનાં દરમાં મોટાપ્રમાણમાં વધઘટ થાય છે.

Volume : 4 | Issue : 4 | Apr 2014 | ISSN - 2249-555X

૩. માલિકી ગુણોત્તર :

ગણવા માટેનું સુત્ર નીચે મુંજબ છે :

માલિકી ભંડોળો X 100
ફૂલ મિલકતો

ધંધામાં ભંડોળોનો ઉપયોગ કેવી રીતે થાય છે તે જાણવા માટે આ ગુણોત્તર જરૂરી છે.ચાલુ મિલકતોએ પ્લાન્ટ અને યંત્રો જેવી કાયમિ મિલકતો કરતાં પણ પ્રવાહી છે. અને ચાલુ દેવા જે આકસ્મિક જવ-ાબદારી ચુકવવા ઝડપથી મળી શકે છે.વળી ચાલુ મિલકતોમાં કરેલ રોકાણ કંપની કે સંસ્થાને તેની વેચાણ ઉપજ વધારવા કે ધંધાનાં ખર્ચ ઘટાડવામાં ઉપયોગી નિવડે છે.અલબત અમૂક મર્યાદાથી વધુ ચાલુ મિલકતો નફાકારકતા વધારવાને બદલે ઘટાડે છે.

૪ . મિલકત પર વળતરનો દર :

કંપની કે સંસ્થા માં સભાસદો દ્વારા પુરા પાડવામાં આવેલા ભંડોળો પર વળતર કેટલું મળે છે, તે જાણવા માટે આ ગુણોત્તર ઉપયોગી છે.જેના પરથી ખ્યાલ આવે છે કે મુંડળીનાં સભાસદો એ મંડળીનાં જ શેરો ખરીધા છે અને બંકોએ જ ધિરાણ આપ્યુ છે, તેનો ઉપયોગ કેવી રીતે થઇ રહયો છે, તે જાણવા જરૂરી છે. તેને ગણવા માટેનુ સુત્ર નીચે મૂંજબ છે :

કરવેરા બાદ નફો જીવ્યાજ X 100
ફૂલ મિલકતો

૫. કાયમિ મૂડી મિલકત ગુણોત્તર :

સુત્ર નીચે મૂંજબ છે : કાયમિમૂડી X 100
કાયમિ મિલકતો

કાયમિ મિલકતોની સરખામણી એ કાયમિમૂડીની સ્થિતિ જાણી શકાય છે.જો આ ગુણોત્તર ઉંચો હોય તો સાબિત થાય કે કાયમિ મિલકતો કાયમિ મૂડી માંથી જ ખરીદવામાં આવે છે.

૬. કાર્યશીલ મૂડી ટર્ન ઓવર :

રોકડ રકમમાંથી કાચોમાલ ખરીદવામાં આવે પરીણામે તૈયાર માલ બને આ તૈયાર માલનું વેચાણ થાય લેણામાંથી રોકડ પ્રાપ્ત થાય અને ચક્રિય પ્રવાહ કહેવાય.ચાલુ મિલકતોનાં ત્રણ પ્રવાહો છે, રોકડ,સ્ટોક અને દેવાદારો.


કાર્યશીલ મૂડીનો ઉથલો : ફૂલ દેવા X 100
ફૂલ કાર્યશીલ મૂડી

કુલચાલુ મિલકતો એટલે ફૂલ કાર્યશીલ મૂડી પ્રાપ્ત થાય છે.ચો-ખ્ખી કાર્યશીલ મૂડી એટલે ચાલુ દેવા પર ચાલુ મિલકતોનો વધારો ચોખ્ખી કાર્યશીલ મૂડી એ એકમની તરલતા બતાવે છે.જેમ તરલતા વધારે તેમ ચાલુ જવાબદારીઓ ચુકવવાની શક્તિ વિશેષ પરીણામે જોખમ ઓછું.એટલે કે જેમ જેમ ગુણોત્તર ઉંચો તેમ કંપનીની પિ-રસ્થિતિ સારી ગણાય.

(૧) નીચે આપેલ કોષ્ટકમાં વર્ષ : ૨૦૦૮-૯ થી વર્ષ : ૨૦૧૨-૧૩ નું શ્રી વારોલી વિભાગ વિવિધ સેવા સહકારી મંડળી લી.નું દેવા ઇક્વિટી ગુણોત્તર નીચે મૂંજબ છે :

| દેવા | ફૂલદેવા | ઇક્વિટી | પ્રમાણ |
|---|---|---|---|
| | | | ટકામાં |
| 2008-09 | 6816771 | 5314451 | 128.27 |
| 2009-10 | 7703923 | 5936871 | 129.76 |
| 2010-11 | 7554049 | 6320543 | 119.52 |
| 2011-12 | 8610484 | 7100464 | 121.27 |
| 2012-13 | 9426568 | 7030918 | 134.07 |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા આપણ વારોલી વિવિધ સેવા સહકારી મંડળી લી.નું દેવા-ઇક્વિટી ગુણોત્તર જોતા ખ્યાલ આવે છે કે વર્ષ : ૨૦૧૨-૧૩માં દેવા ઇક્વિટીનું પ્રમાણ ખુબ જ ઉંચુ જોવા મળે છે.એટલે કે આ વર્ષમાં ખુબ ઉંચી ઝડપે લાંબાગાળાનાં દેવા અને ચાલુ દેવાનો વધારો થયો છે.જ્યારે વર્ષ : ૨૦૧૦-૧૧ માં દેવા ઇક્વિટીનું પ્રમાણ સૌથી ઉંચુ જોવા મળે છે.જેમાં મૂડી કરતા દેવાનાં પ્રમાણમાં વધારો જોવા મળે છે.જ્યારે પ્રમાણ ઘટીને વર્ષ- ૨૦૧૧-૧૨માંઆગળનાં વર્ષની સરખામણીએ વધુ પ્રમાણ જોવા મળે છે.જેમાં ચાલુ દેવાનો વધારો ઇક્વિટીનાં પ્રમાણમાં ઉંચો જોવા મળે છે.પાંચ વર્ષનાં અભ-યાસ પરથી ખ્યાલ આવે છે કે ઇક્વિટીનો વધારો દેવાનાં પ્રમાણામાં ખુબ જ ઓછી ઝડપે વધે છે. આમ,ઉપરોક્ત દેવા ઇક્વિટીનું પ્રમાણ વર્ષ :૨૦૧૨-૧૩માં સૌથી ઉંચુ અને અને વર્ષ : ૨૦૧૦-૧૧માં સૌથી નીચું જોઇ શકાય છે.




(૨) નીચે આપેલ કોષ્ટકમાં વર્ષ : ૨૦૦૮-૯ થી વર્ષ : ૨૦૧૨-૧૩ નું શ્રી વારોલી વિભાગ વિવિધ સેવા સહકારી મંડળી લી.નું મૂડી ગિયરીંગ ગુણોત્તર નીચે મૂંજબ છે :

| વર્ષ | ઇક્વિટી | લોન | પ્રમાણ |
|---|---|---|---|
| | | | સમયમા |
| 2008-09 | 5314451 | 6816771 | 0.78 |
| 2009-10 | 5936871 | 7703923 | 0.77 |
| 2010-11 | 6320543 | 7554049 | 0.84 |
| 2011-12 | 7100464 | 8610484 | 0.82 |
| 2012-13 | 7030918 | 9426568 | 0.75 |

ઉપરોક્ત કોષ્ટક પરથી શ્રી વારોલી વિવિધ સેવા સહકારી મંડળમી લિ.નું મૂડી ગિયરીંગ ગુણોત્તર જોઇ શકીએ છીએ.વર્ષ : ૨૦૦૮-૦૯ અને વર્ષ : ૨૦૦૯-૧૦માં પ્રમાણ એક સરખું જોવા મળે છે.જ્યારે વર્ષ ૨૦૧૦-૧૧ અને વર્ષ: ૨૦૧૧-૧૨માં ધીમી ઝડપે વધારો થયો છે.સૌથી ઓછું પ્રમાણ વર્ષ ૨૦૧૨-૧૩માં જોઇ શકાય છે.આમ મંડળીની છેલ્લા પાંચ વર્ષની માહિતીનાં અભ્યાસ પરથી ખ્યાલ આવે છે કે મૂડી ગિયરીંગનું પ્રમાણ ખુબ જ નીચું જોવા મળે છે.જેમાં શેર હોલ્ડરોની મૂડી ની સરખામણીએ લોનનું જ પ્રમાણ વધુ જોવા મળે છે.જે લોન દ્વારા ખેડુતોને ધિરાણ આપવા માટે જે સહકારી પ્રવૃતિ થાય છે જે મંડળીનાં હેતુઓને સિધ્ધ કરે છે જે,સારી બાબત ગણી શકાય, મંડળીનાં સંચાલકોએ વિવેક બુધ્ધિ પૂર્વક શેરહોલ્ડરોની મૂડીમાં વધારો થાય અને દેવાનૂ પ્રમાણ જળવાઇ રહે તેવા પ્રયત્નો કરવા જરૂરી બને છે.


(૩) નીચે આપેલ કોષ્ટકમાં વર્ષ : ૨૦૦૮-૯ થી વર્ષ : ૨૦૧૨-૧૩ નું શ્રી વારોલી વિભાગ વિવિધ સેવા સહકારી મંડળી લી.નું માલીકી ભંડોળનું પ્રમાણ ગુણોત્તર નીચે મૂંજબ છે :

| વર્ષ | માલિકીભંડોળો | ફૂલ મિલકતો | પ્રમાણ |
|---|---|---|---|
| | | | ટકામાં |
| 2008-09 | 5314451 | 12174297 | 43.65 |
| 2009-10 | 5936871 | 13687743 | 43.37 |
| 2010-11 | 6320543 | 13928514 | 45.38 |
| 2011-12 | 7100464 | 16011798 | 44.35 |
| 2012-13 | 7030918 | 16490567 | 42.64 |

Volume : 4 | Issue : 4 | Apr 2014 | ISSN - 2249-555X

ઉપરોક્ત ટેબલમાં વારોલી વિવિધ સેવા સહકારી મંડળીનો માલિકી ગુણોત્તરનાં વલણો જોઇ શકાય છે. સૌથી ઉંચો ગુણોત્તર વર્ષ : ૨૦૧૦-૧૧માં જોવા મળે છે.અને વર્ષ ૨૦૧૨-૧૩માં સૌથી નીચુ પ્રમાણ જોવા મળે છે. ઉપરોક્ત પાંચ વર્ષનાં અભ્યાસ પરથી જણાય છે કે શેરહોલ્ડરોની મૂડી રોકાણો ની સરખામણી મંડળીની કૂલ મિલકત સાથે કરી શકાય છે. અને લાગે છે કે ભંડોળનો ઉપયોગ મિલકત વધારવા માટે જ કરવામાં આવી રહયો છે.જેમાં દર વર્ષે કુલ મિ-લકતોની અંદર વધારો જોવા મળી રહયો છે.જે સારી બાબત ગણાવી શકાય છે.જેમાં જરૂર પડયે લાંબા ગાળાની ચુકવણી કરી શકીએ. છતાં પણ માલિકીનું વધતુ ઓછું પ્રમાણ જોતા કહી શકાય કે પરિસ્થિતિ એટલી સારી નથી પણ ખુબ ખરાબ પણ નથી.

ઉપરોક્ત વિગતોને આલેખ દ્વારા વધુ સારી રીતે સમજી શકાય :




૪.નીચે આપેલ કોષ્ટકમાં વર્ષ : ૨૦૦૮-૯ થી વર્ષ : ૨૦૧૨-૧૩ નું શ્રી વારોલી વિભાગ વિવિધ સેવા સહકારી મંડળી લીનુ મિલકત પર વળતરનો દર દર્શાવતું કોષ્ટક નીચે મૂંજબ છે :

| વર્ષ | ચોખ્ખો નફો | કૂલ મિલકતો | પ્રમાણ |
|---|---|---|---|
| | | | ટકામાં |
| 2008-09 | 1128646 | 12174297 | 9.27 |
| 2009-10 | 848826 | 13687743 | 6.20 |
| 2010-11 | 789992 | 13928514 | 5.67 |
| 2011-12 | 934394 | 16011795 | 5.84 |
| 2012-13 | 1327445 | 16490567 | 8.05 |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા વર્ષ : ૨૦૦૮ -૦૯ થી વર્ષ : ૧૨-૧૩નાં વર્ષનાં અભ્યાસ પરથી મિલકતો પર વળતરનાં દરનાં વલણો જોઇ શકાય છે. સૌથી ઉંચો મિલકત પર વળતરનો દર વર્ષ : ૨૦૦૮-૦૯માં જોવા મળે છે. અને સૌથી નીચો દર વર્ષ : ૨૦૧૦-૧૧માં જોવા મળે છે.૨૦૦૮-૦૯ની સરખામણીએ ૨૦૧૨-૧૩નાં વર્ષનો ગુણોત્તર સંતોષજનક દર રહેવા પામ્યો છે.

(૫) નીચે આપેલ કોષ્ટકમાં વર્ષ : ૨૦૦૮-૯ થી વર્ષ : ૨૦૧૨-૧૩ નું શ્રી વારોલી વિભાગ વિવિધ સેવા સહકારી મંડળી લીનુ કાયમિ મૂડી-મિલકત ગુણોત્તર દર્શાવતું કોષ્ટક નીચે મૂંજબ છે

| વર્ષ | કાયમિમૂડી | કાયમિ મિ-લકતો | પ્રમાણ |
|---|---|---|---|
| | | | ટકામાં |
| 2008-09 | 11831222 | 1080527 | 10.95 |
| 2009-10 | 13640794 | 1080527 | 12.62 |
| 2010-11 | 13874592 | 1081177 | 12.83 |
| 2011-12 | 15710948 | 1084177 | 14.49 |
| 2012-13 | 16457486 | 1081177 | 15.22 |

ઉપરોક્ત કોષ્ટક દ્વારા વર્ષ : ૨૦૦૮-૯ થી ૧૨-૧૩નાં અભ્યાસ પરથી કાયમિ મૂડી અને કાયમિ મિલકતોની સ્થિતિ જોઇ શકાય છે. વર્ષ : ૨૦૧૨-૧૩માં સૌથી ઉંચો દર જોવા મળે છે.જ્યારે વર્ષ : ૨૦૦૮-૦૯-માં સૌથી નીચું પ્રમાણ જોવા મળે છે.પાછલા વર્ષોની સરખામણીએ દર વર્ષે કાયમિ મિલકતોની સરખામણીએ કાયમિમૂડી ની સ્થિતિ સતતસ વધી રહી છે. જે સૂચવે છે કે મંડળી બધીજ કાયમિ મિલકતો કાયમિમુડી માંથી ખરીદે છે.એટલે કે લાંબાગાળાનાં દેવા ઉભા કરીને મુડીમાં વધારો કરીને કાયમિ મિલકતો ખરીદવામાં આવી છે જા. જે સંચાલકોની નિતિ સારી કહી શકાય.અને નાણાકીય નિતિ સધ્ધર છે એમ ચોક્કસ પણ કહી શકાય.આમ ઉપરોક્ત અભ્યાસ પરથી લાગે છે કે નાણાકીય નિતિનું પ્રમાણ સંતોષકારક છે.અને સંચાલની કાયક્ષમતા પણ સારી છે એમ કહી શકાય.

(૬) નીચે આપેલ કોષ્ટકમાં વર્ષ : ૨૦૦૮-૯ થી વર્ષ : ૨૦૧૨-૧૩ નું શ્રી વારોલી વિભાગ વિવિધ સેવા સહકારી મંડળી લીનું કાર્યશીલ મૂડી ઉથલો ગુણોત્તર દર્શાવતું કોષ્ટક નીચે મૂંજબ છે :

| વર્ષ | વેચાણ | કાર્યશીલ મૂડી | પ્રમાણ |
|---|---|---|---|
| | | | ટકામાં |
| 2008-09 | 3670823 | 1664732 | 2.21 |
| 2009-10 | 4269283 | 1556198 | 2.74 |
| 2010-11 | 3667896 | 1573056 | 2.33 |
| 2011-12 | 3584737 | 1964788 | 1.82 |
| 2012-13 | 4524882 | 1794799 | 2.52 |


ઉપરોકત કોષ્ટક દ્વારા શ્રી વારોલી વિવિધ સેવા સહકારી મંડળી લી.નું દેવા-કાર્યશીલમૂડી ગુણોત્તર નો અભ્યાસ કરતા ખ્યાલ આવે છે કે વર્ષ : ૨૦૧૨-૧૩ સૌથી ઉંચું પ્રમાણ જોઇ શકાય છે.જ્યારે સૌથી નીચું પ્રમાણ ૨૦૦૮-૯માં જોઇ શકાય છે.જ્યારે બાકીનાં વર્ષોમાં પણ કાર્યશીલ મૂડીનું પ્રમાણ વેચાણનાં પ્રમાણથી નીચું જોવા મળે છે.ઉપરોક્ત અભ્યાસ પરથી ખ્યાલ આવે છે કે વર્ષ : ૨૦૧૧-૧૨ નાં વર્ષને બાદ કરતા બધાજ વર્ષો દરમિયાન મંડળીની તરલતા અને ચાલુદેવા ચુકવવાની પરિસ્થિતિ સારી ગણાવી શકાય.

(૮) નીચે આપેલ કોષ્ટકમાં વર્ષ : ૨૦૦૮-૯ થી વર્ષ : ૨૦૧૨-૧૩ નું શ્રી વારોલી વિવિધ સેવા સહકારી મંડળી લી એ સભાસદોને ચુકવેલ શેર પર ડિવીડન્ડની માહિતીનું કોષ્ટક નીચે મૂંજબ છે :

| Year | Divident |
|---|---|
| 2004-05 | 15 |
| 2005-06 | 15 |
| 2006-07 | 0 |
| 2007-08 | 12 |
| 2008-09 | 8 |
| 2009-10 | 6 |
| 2010-11 | 0 |
| 2011-12 | 6 |
| 2012-13 | 12 |

વિશ્લેષણ :

ઉપરોક્ત કોષ્ટકમાં આપણ વારોલી વિવિધ સેવા સહકારી મંડળીમાં જોડાયેલા સભાસદોને અપાયેલ ડિવીડન્ડની વિગતો પરથી કહી શકાય કે ૨૦૦૪-૫ અને ૨૦૦૫-૬નાં વર્ષમાં સૌથી વધુ ડિવિડન્ડ ૧૫ ટકા જેટલું અપાયું હતું.જયારે છેલ્લે ૨૦૧૨-૧૩નાં વર્ષમાં ૧૨ ટકા જેટલું ડિવીડન્ડ ચુકવવામાં આવ્યું છે



Volume : 4 | Issue : 4 | Apr 2014 | ISSN - 2249-555X

મહત્વનાં તારણો અને સૂચનો :

વારોલી વિવિધ સેવા સહકારી મંડળી લી.નાં પાંચ વર્ષનાં અભ્યાસ પરથી નીચે મુજબ તારણો તારવીને મૂડળીએ હજી ક્યા સુધારાઓ કરવા જોઇએ તેનાં સુચનો પણ નીચે કર્યા છે જે આ મુંજબ છે :

૧. દેવા ઇક્વિટી ગુણોત્તર જોતા લાગે છે કે સહકારી મંડળી લાંબાગાળાની લોન દ્વારા ભંડોળો ઉભા કરીને મંડળીમાં જો-ડાયેલ સભ્યોને ધિરાણ અને અનાજ ,ખાતર,જંતુનાશક દવાઓ વગેરે વ્યાજબી ભાવે પુરા પાડે છે.સભાસદો નજીવી ફી ભરીને સભ્ય પ્રાપ્ત કરતા હોઇ તેમનું ભંડોળમાં ખુબ વધારો થતો નથી પણ મંડળીનાં કાર્યક્ષમ વહીવટ માટે લાંબાગાળાનુ ધિરાણ લીધું છે. અને પરિસ્થિતિ એવી લાગે છે કે લેણદારોને ખુબ લાંબ સમય પછી ધિરાણની રકમ આપવામાં આવે છે.જે ચુકવણીની નિતી ખુબ સારી ન કહેવાય . છતાં પણ જે રીતે વહીવટ ચાલી રહ્યો છે તે વ્યવસ્થિત ગણી શકાય.આ વિસ્તારમાં જે મંડળીની લોકપ્રિયતા છે જેનાં માટે કહી શકાય કે સંચાલક મંડળ સારૂ છે.

આમ,આ ગુણોત્તરમાં સામાન્ય રીતે ૧:૧ નું પ્રમાણ રહેવુ હિતાવહ છે પરંતુતે જોવા મળતું નથી તેથી સંચાલકોએ આ પ્રમાણને જાળવવા નો પ્રયત્ન કરવો જોઇએ.

૨. મુડી માળખાનાં પાંચ વર્ષનાં અભ્યાસ પરથી કહી શકાય કે મૂડી ગિયરીંગ નો નીચો ગુણોત્તર છે જે સારી સ્થિતિ દર્શાવે છે.કારણ કે માલિકીભડોળ અને લાંબાગાળાનાં દેવાને ભેગા કરીને મૂડીનું સંચાલન કર્યુ છે.જે મંડળીનાં સંચાલકો નીચા મુડી ગિયરીંગનાં મૂડી માળખાને અનુંસરે છે જે સારી બાબત ગણી શકાય.જેનાં પરથી કહી શકાય કે મંડળીની લાંબાગાળની સધ્ધરતા સારી કહી શકાય.

આમ,મંડળીનાં સંચાલકોએ લાંબાગાળાનાં દેવા જલ્દી ચુકવી દેવા જોઇએ. અને માલિકી ભંડોળમાં વધારો થાય તેવા પ્રયત્નો કરવા જોઇએ.

૩. માલિકી ગુણોત્તરની સ્થિતિ દર વર્ષ વધઘટ થયા કરે છે,તેથી કહી શકાય કે સભાસદોનાં મુડી ભંડોળનીની સામે કૂલમિલકતો ની સ્થિતિ થી લાગે છેકે માલિકી ભંડોળનો ઉપયોગ ફક્ત મિ-લકતો વધારવા માટે જ થઇ રહ્યો છે.જે સારી બાબત કહી શકાય ,જેમાંથી લાંબા ગાળાનાં દેવાની ચુકવણી કરવામાં આવે છે.

આમ,મૂડી માળખાની સ્થિતિ બદલાયી તે માટે માલિકી ભંડોળનો ફક્ત મિલકતો વધારવા માટે ન કરતાં અન્ય ભંડોળો અનામત તરીકે પણ રાખવા જોઇએ.જેથી નાણાકીય તરલતા વધે.

૪. મિલકત પર વળતરનો દર જોતા કહી શકીએ કે અભ્યાસનાં શરૂઆત વર્ષ દરમિયાન વળતરનો દર ઉંચો જોવા મળે છે. અને ત્યારબાદ ત્રણ વર્ષ દરમિયાન થોડો ઓછો છે.જ્યારે વર્ષ ૨૦૧૨-૧૩નાં વર્ષમાં ફરીથી મિલકત પર વળતર નો દર વધુ જોતા ખ્યાલ આવે છે કે મંડળીનાં સભાસદોએ જે વિશ્વાસ મૂકીને નાણા રોક્યા છે,જેનો સારો ઉપયોગ થઇ રહ્યો છે.

આમ ,મંડળીનાં સંચાલકોએ હજી સારો વહીવટ કરી સભાસ-દોને સારી સેવાની સાથે સાથે મુડી પર ઉંચુ વળતર મળી રહે તેવો વહીવટ કરવો જરૂરી છે.

૫. કાયમિ મૂડી મિલકત ગુણોત્તર જોતા ખ્યાલ આવે છે કે કાય-મિમિલકતોની સરખામણીએ કાયમિમૂડી સતત વધી રહી છે જે સૂચવે છે કે મંડળી બધીજ કાયમિ મિલકતો કાયમિ મૂડીમાંથી ખરીદવામાં આવી છે.જેના પરથી કહી શકાય કે વારોલી વિધિ સેવા સહકારી મંડળી લી.ની નાણાકીય નિતી સધ્ધર છે.

આમ.નાણાકીય નિતિ વધુ સંતોપષકારક બને જેથી કાયમિ મિલકતો ને કાયમિ મૂડીમાંથી શકે અને મંડળીની વહીવ-ટની કાર્યક્ષમતા અને સેવાની ગુણવત્તા વધે તેવા પ્રયત્નો કરવા જરૂરી.

૬. વારોલી વિવિધ સેવા સહકારી મંડળીમાં જોડાયેલ સભ્યોને વર્ષ : ૨૦૦૮-૯માં ૮ ટકા ડિવિડન્ડ ચુકવ્યું હતું. જે વધીને હાલમાં ૧૨ ટકા જેટલું ચુકવાયું છે જે સારી પરિસ્થિતિનું સૂચન કરે છે.સભાસદોને તેમની રોકાયેલી મૂડી પર ડિવિડન્ડ દ્વારા ઉંચુ વળતર મળ્યું છે. જે મંડળીનાં સભાસદો માટે સારી બાબત ગણાય.

આમ, સહકારી મંડળીનાં સંચાલકોએ સભાસદોને વધુને વધુ પ્રોત્સાહન મળે તેવા પ્રયત્નો કરવા જોઇએ, અને જરૂરીયાત વાળા લોકોને ધિરાણની સવલતો આપીને જે તે વિસ્તારનો વિ-કાસ કરવાનાં માર્ગે સતત પ્રગતિ માટે ઝંપલાવવુ જોઇએ.જેથી સહકારીતાનો ઉદ્દેશ્ય સાચા અર્થમાં સાર્થક થશે.

**REFERENCE** ૧.અગ્રવાલ એન.પી.,એનાલીસીસ ઓફ ફાઇનાનસીઅલ સ્ટેટમેન્ટ, નેશનલ પબ્લીશીગ હાઉસીગ.નવી દિલ્લી. ૨. ચૌધરી એસ.બી., એનાલીસીસ ઓફ કંપની ફાયનાનસીયલ સ્ટેટમેન્ટ,એશિયા પબ્લશિંગ હાઉસ.લંડન. ૩. ગુપ્તા આર.એલ.,ફાયનાનસીઅલ સ્ટેટમેન્ટ એનાલીસીસ ,સુલ્તાનચંદ એન્ડ સન્સ.નવી દિલ્લી. ત ૪. ગુથમિનન એચ.જી., એનાલીસીસ ઓફ ફાયનાનસીઅલ સ્ટેટમેન્ટ, પ્રિકટીસ હોલ ઓફ ઇન્ડિયન કંપની.નવી દિલ્લી. ૫. જૈન પી.કે., વર્કિંગ કેપીટલ મેનેજમેન્ટ ઓફ સ્ટેટ એન્ટરપ્રાઇસ ઇન ઇન્ડિયા, નેશનલ પબ્લીશીગ હાઉસ.જયપૂર. ૬. કુચ્ચલ એસ.સી., ફાયનાન્સીઅલ મેનેજમેન્ટ, ચૈતન્યા પબ્લીશીગ હાઉસ.અલ્હાબાદ. ૭. ખાન એન્ડ જૈન ત ફાયનાન્સીઅલ મેનેજમેન્ટ, ટાટા મેકગ્રો હીલ પબ્લીશીગ કંપની લિ, નવી દિલ્લી. ૮. લીઓપોલ્ડ એન્ડ બેર્સ્ટેઇન, ૯ એનાલીસીસ ઓફ ફાયનાન્સીઅલ સ્ટેટમેન્ટ, રિચાર્ડ ડી.ઇરવીન. ૯. પાંડે આઇ એમ., ફાયનાન્સીઅલ મેનેજમેન્ટ, વિકાસ પબ્લીશીગ હાઉસ.નવી દિલ્લી. ૧૦ પી.સારવાનાવેલ, રીસર્ચ મેથ્ઠોલોજી, કિતાબ મહલ,અલ્હાબાદ.